# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી – જૂનાગઢ

**<u>નિવિદા નં.પ (૨૦૨૪–૨૫)</u>**

કામનું નામ : જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી માટે આગામી ડીસેમ્બર–૨૦૨૪ /જાન્યુઆરી–૨૦૨૫ માં યોજાનાર ૨૦ (વીસમાં) વાર્ષિક પદવીદાન સમારંભ માટે સમિયાણા, મંડપ ડેકોરેશન, સાઉન્ડ સિસ્ટમ, ઈલેકટ્રીફીકેશન સહિતની કામગીરીના ભાવો મેળવવા માટેનું ભાવ પત્રક

**:: કચેરીનું સરનામું ::**

**કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, "મંગલ નિવાસ", અક્ષરવાડી પાસે,**
**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ–૩૬૨ ૦૦૧ (ફોનઃ ૦૨૮૫ ૨૬૭૦૨૦૭)**

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ

### જાહેર નિવિદા નં.૫ (૨૦૨૪-૨૫)

કાર્યપાલક ઇજનેરશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ (મંગલ નિવાસ, અક્ષરવાડી પાસે)(ફોન નં.૦૨૮૫-૨૬૭૦૨૦૭)ની કચેરીએથી સંભવિત આગામી ડીસેમ્બર-૨૦૨૪ /જાન્યુઆરી-૨૦૨૫ માં ૨૦ માં વાર્ષિક પદવિદાન સમારંભ, જૂનાગઢ માટે સમિયાણા બાંધવા, સાઉન્ડ સિસ્ટમ ગોઠવવી તેમજ ઇલેકટ્રીફીકેશન વિગેરેની કામગીરી કરવા માટે રસ ધરાવતી અનુભવી પાર્ટીઓ પાસેથી વેંબ મેઇલીંગ પધ્ધતિથી આઇટમ રેટ ટેન્ડર હાર્ડ કોપી મારફત મંગાવવામાં આવે છે. આ અંગેની જાહેરાત યુનિવર્સિટી વેબસાઇટ www.jau.in પર તા.૧૬.૧૧.૨૦૨૪ થી મુકવામાં આવશે. જે મુજબ ભાવો સીલ બંધ કવરમાં તા.૦૬.૧૨.૨૦૨૪ સુધી (૧૮:00) કલાક સુધીમાં કચેરીમાં મોકલવાના રહેશે. વધુ માહિતી માટે કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપર્ક સાંધવાથી મળી શકશે.

# કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી માટે આગામી ડીસેમ્બર–૨૦૨૪ /જાન્યુઆરી–૨૦૨૫ માં યોજાનાર
૨૦ (વીસમાં) વાર્ષિક પદવીદાન સમારંભ

## ભાવ પત્રક અંગેની વિગત

| | | |
|---|---|---|
| ૧. | કામનું નામ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી માટે આગામી ડીસેમ્બર–૨૦૨૪ /જાન્યુઆરી–૨૦૨૫ માં યોજાનાર ૨૦ (વીસમાં) વાર્ષિક પદવીદાન સમારંભ માટે સમિયાણા, મંડપ ડેકોરેશન, સાઉન્ડ સિસ્ટમ, ઈલેકટ્રીફીકેશન સહિતની કામગીરીના ભાવો મેળવવા માટે |
| ૨. | ટેન્ડર દસ્તાવેજ અપ–લોડીંગ કરવાની તારીખ એન સમય | તા.૧૬.૧૧.૨૦૨૪ ના સવારે ૧૧:૦૦ કલાકથી દસ્તાવેઝ વેબ સાઈટ પર પ્રાપ્ત થશે. |
| ૩. | ટેન્ડર રજીસ્ટર પોસ્ટ એડી./ સ્પીડ પોસ્ટથી સ્વીકારવાની છેલ્લી તારીખ સમય અને સ્થળ | તા.૦૬.૧૨.૨૦૨૪ ના ૧૮:૦૦ કલાક સુધી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, " મંગલ નિવાસ" જૂ.કૃ.યુ., જૂનાગઢ |
| ૪. | ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ, સમય અને સ્થળ | તા.૦૭.૧૨.૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં કમિટી સમક્ષ ખોલવામાં આવશે. |
| ૫. | ટેન્ડર ફી | રૂા.૫૦૦.૦૦ નો ડી.ડી. " જે.એ.યુ. ફંડ એકાઉન્ટ" ના નામનો પેએબલ એટ જૂનાગઢ, એસ.બી.આઈ. કોડ નં. ૬૦૨૧૮ |
| ૬. | બાનાની રકમ | રૂા.૫૦૦૦.૦૦ ની એફ.ડી.આર. કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકની "જે.એ.યુ. ફંડ એકાઉન્ટ" ના નામની |

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

## ટેન્ડર ભરનાર એજન્સીની વિગત

| | | |
|---|---|---|
| ટેન્ડર ભરનાર એજન્સીનું નામ | : | ____________________ |
| સરનામું | : | ____________________ |
| પાન નંબર | : | ____________________ |
| જી.એસ.ટી. નંબર | : | ____________________ |
| ધંધાનો રજીસ્ટ્રેશન નંબર (નગરપાલીકા રજીસ્ટ્રેશન અથવા MSME રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર) | : | ____________________ |
| ફોન નંબર | : | ____________________ |
| મોબાઈલ નંબર | : | ____________________ |
| ફેકસ નંબર | : | ____________________ |
| ઈ–મેઈલ | : | ____________________ |

કામનું નામ (૧) : જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી માટે આગામી ડીસેમ્બર–૨૦૨૪ /જાન્યુઆરી–૨૦૨૫ માં યોજાનાર ૨૦ (વીસમાં) વાર્ષિક પદવીદાન સમારંભ માટે સમિયાણા, મંડપ ડેકોરેશન, સાઉન્ડ સિસ્ટમ, ઈલેકટ્રીફીકેશન સહિતની કામગીરી.

## ભાવ પત્રક

એજન્સીનું નામ :– ..................................................
..................................................
..................................................

## મંડપ/સમિયાણા

| ક્રમ | કામની વિગત | અંદાજીત જથ્થો | યુનિટ | ભાવ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧. | ટ્રસની કમાન્ડ વાળો ગેઈટ | ૩.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૨. | ૧૨' થી ૧૫' ફુટ ઉંચાઈનો મંડપ કાપડ/ઝાલર થાંભલાના પટ્ટા સાથે ફીટીંગ કરી આપવાની માલ મજુરી સહિતની કામગીરી (થાંભલા જરૂરીયાત મુજબની ઉંડાઈ સુધી જમીનમાં ખોદીને ફીટ કરવાના રહેશે.) | ૧૦૫૦૦.૦૦ ચો.ફુટ | ૧.૦૦ ચો.ફુટ | | |
| ૩. | ફ્રેમીંગ સાથે ડેકોરેટીવ ડબલ કલરમાં ચીપટી વાળા કાપડની દિવાલ માલ મજુરી સહિતની કામગીરી. | ૧૩૫૦૦.૦૦ ચો.ફુટ | ૧.૦૦ ચો.ફુટ | | |
| ૪. | ગ્રીન નાયલોન નેટ ફલોરીંગની ફીટીંગ સાથે માલ મજુરી સહિતની કામગીરી. | ૪૩૦૦૦.૦૦ ચો.ફુટ | ૧.૦૦ ચો.ફુટ | | |
| ૫. | વેલ્વેટ રેડ/ ગ્રે કાર્પેટ માલ મજુરી સાથે તૈયાર કરી આપવાની કામગીરી. | ૨૦૦૦૦.૦૦ ચો.ફુટ | ૧.૦૦ ચો.ફુટ | | |
| ૬. | રોડ તથા સભા માટે બેરીકેટ ૪'' × ૩'' સાઈઝના થાંભલાઓ જમીનમાં ખાડા કરીને લગાડી આપવા તથા આડા બાંબુ સીદરી વડે બાંધી તૈયાર કરી આપવાના માલ–મજુરી સહિતની કામગીરી | ૫૦૦.૦૦ રનીંગ ફુટ | ૧.૦૦ રનીંગ ફુટ | | |
| ૭. | લાકડાના ડબલ વળાવાળી સાદી કમાન ૨૦' પહોંળાઈ તથા બંને બાજુ કાપડ તથા ઉપરના ભાગે વધારાનો લાકડાનો વળો લગાડી કાપડથી મઢી જેમાં જરૂરીયાત મુજબ બેનર કચેરી તરફથી આપે તે લગાડી આપવાના રહેશે. | ૩.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |

| ક્રમ | કામની વિગત | અંદાજીત જથ્થો | યુનિટ | ભાવ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૮. | જરૂરી કેમીકલ સાથે ફલેષ પ્રીન્ટ મટીરીયલ્સનું બેનર લગાવવાના મજુરી કામના ભાવ | ૩૦૦.૦૦ ચો.ફુટ | ૧.૦૦ ચો.ફુટ | | |
| ૯. | લેધર સોફા ટુ સીટેડ વ્હાઈટ | ૧૫.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૧૦. | લેધર સોફા સીંગલ સીટેડ વ્હાઈટ | ૨૫.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૧૧. | વી.આઈ.પી. ગાદીવાળી ખુરશીઓ કાર્યક્રમના સ્થળે સુચના મુજબ સાફસુફ કરી ગોઠવી આપવાની માલમજુરી સાથેની કામગીરી. | ૫૦.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૧૨. | મોલ્ડેડ પી.વી.સી. ખુરશીઓ સફેદ કાપડ સાથેકાર્યક્રમના સ્થળે સુચના મુજબ સાફસુફ કરી ગોઠવી આપવાની માલ મજુરી સાથેની કામગીરી. | ૨૦૦.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૧૩. | બુફે કાઉન્ટર, રજીસ્ટ્રેશન ટેબલ ઝાલર સાથે મઢવાની કામગીરી | ૧૨૫.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૧૪. | ટીપોઈ કાચની | ૧૦.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૧૫. | સાઉન્ડ સિસ્ટમ એરેજમેન્ટ માટેના જરૂરી ઉચાઈના ટાવર સુચના મુજબ માલ–મજુરી સાથે ફીટીંગની કામગીરી | ૮.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૧૬. | હેલોજન લેમ્પ ૫૦૦/૧૦૦૦ વોટના માલ મજુરી સાથે ફીટીંગની કામગીરી | ૪.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૧૭. | મેટલ હેલાઈડ લેમ્પ ૪૦૦ વોટના માલ–મજુરી સાથે ફીટીંગની કામગીરી.. | ૧૦.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૧૮. | સીલીંગ ફેન ૪૮" સાઈઝના જરૂરી ઉચાઈએ ઉચા ડોમમાં ફીટીંગની માલ–મજુરી સાથે ચાલુ કરી આપવાની કામગીરી | ૩૦.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૧૯. | કેબલ કોપર વાયર ગેલ્વેનાઈઝ તાર સાથે રીલ ઈન્સયુલેટર સાથે વાયરીંગ કરવાના ભાવ. | | | | |
| | (અ) કેબલ ફોરકોર × ૪/૬ | ૨૫૦.૦૦ મીટર | ૧.૦૦ મીટર | | |
| | (બ) કેબલ ફોરકોર × ૧૦/૧૬ | ૧૦૦.૦૦ મીટર | ૧.૦૦ મીટર | | |
| | (ક) કેબલ ફોરકોર × ૨૫/૩૫ | ૧૫૦.૦૦ મીટર | ૧.૦૦ મીટર | | |

| ક્રમ | કામની વિગત | અંદાજીત જથ્થો | યુનિટ | ભાવ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૨૦. | પેનલ બોર્ડ માલ મજુરી સાથે બનાવી આપવાના ભાવ જેમાં આઈસીટીપી વીથ ઈએલસીબી ફ્યુઝ જરૂરી અર્થીંગ લોડ પ્રમાણે કરી આપવાના | ૧.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૨૧. | પાંચ એમ્પીઅર પ્લગ પોઈન્ટ માલ મજુરી સાથેના | ૧૦.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૨૨. | પંદર એમ્પીઅર પ્લગ પોઈન્ટ માલ મજુરી સાથેના | ૧૦.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૨૩. | પેડેસ્ટલ ફેન જરૂરી વાયરીંગ માલ મજુરી સાથે ફીટીંગની કામગીરી | ૧૦.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૨૪. | જનરેટર સેટ નો ભાવ જરૂરી ડીઝલ સાથે માલ મજુરી સહિતની કામગીરી | | | | |
| | (અ) ૬૫ કેવીએ એન્ડ એબોવ થ્રી ફેઈઝ | ૧.૦૦ સેટ | ૧.૦૦ સેટ | | |
| ૨૫. | હેવી ડયુટી કુલર સ્ટેજ ઉપર તથા વી.આઈ.પી. રૂમ તથા સ્ટેજ માટે વાયરીંગ સાથે માલ મજુરી સહીત. | ૬.૦૦ નંગ | ૧.૦૦ નંગ | | |
| ૨૬. | સમિયાણામાં તથા સ્ટેજ માટે ૩૦૦૦૦ વોટ સુધી લાઈન એરર સાઉન્ડ સીસ્ટમ, મીકચર, પાવર એમ ઈકો સીસ્ટક, ૬ નંગ માક્રોફોન તથા સમિયાણા તથા સ્ટેજના બેકીંગ સાથેના કમ્પલીટ વાયરીંગ સાથેનો સેટ માલ મજુરી સાથે | ૧.૦૦ સેટ | ૧.૦૦ સેટ | | |
| ૨૭. | ટ્રસ મંડપ (લોખંડના ચોરસ પીલોર વાળો) | ૨૫૦૦.૦૦ ચો.ફુટ | ૧.૦૦ ચો.ફુટ | | |
| | | | કુલ રૂા. | | |
| (અંકે રૂપિયા | | | ) | | |

ઉપરોકત ભાવ પત્રકના પાના નં......... થી ..........ની આઈટમો અમોએ વાંચી સમજી તેની ગણતરી કરી ભાવો ભરેલ છે, જે બદલ અમો નીચે સહી કરીએ છીએ.

ઈજારદારની સહી સિકકા સાથે
તા.  .  .૨૦૨૪

## મંડપ/સમિયાણાનીશરતો અને બોલીઓ.

| | |
|---|---|
| ૧. | ભાવ બંધ કવરમાં રજીસ્ટર પો.એ.ડી. થી "**કાર્યપાલક ઈજનેર, મંગલ નિવાસ, અક્ષરવાડી પાસે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ**" ના સરનામે પહોંચતા કરવાના રહેશે, તેમજ ભાવપત્રક ઉપર **સમિયાણા, મંડપ ડેકોરેશન, ઈલેકટ્રીફીકેશન, સાઉન્ડ સિસ્ટમ** ભાડેથી રાખવાના ભાવ એમ સ્પષ્ટ લખવું. |
| ૨. | મંડપ તથા તેને અનુસાંગીક અન્ય તમામ આઈટમોના દિન–૧ માટે ભાડાના ભાવો માલ મજુરી સાથેના જી.એસ.ટી. તેમજ તમામ ટેક્ષ સાથે માંગવામાં આવે છે. |
| ૩. | ભાવ મંજુર થયે અને વર્કઓર્ડર મળ્યા બાદ કામગીરી ચાલુ કરી સંપૂર્ણ કામગીરી જે તે સ્થળે નક્કી થયા તારીખના ૧ દિવસ પહેલા પૂર્ણ કરવાની બાંહેધરી આપતો પત્ર પાર્ટીએ લેટરપેડમાં આપવાનો રહેશે તેમજ કામગીરી પૂર્ણ કરી તેનું ચેકીંગ કરાવી આપવાનું રહેશે. |
| ૪. | આ કામના ભાવપત્રકમાં જણાવેલ બાબતોની કામગીરી જરૂરીયાતને આધીન કરાવવામાં આવશે તેમાં કામગીરીમાં ફેરફાર થતાં કંઈ વધારો કે ઘટાડો થાય તો આ બાબતે કોઈ વિવાદ કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૫. | જે પાર્ટીના ભાવો મંજુર થાય તેઓએ માંગણીના સ્થળે મંડપ તથા અન્ય આઈટમો તાત્કાલિક મળી રહે તે પ્રકારનું આયોજન કરવાનું રહેશે. |
| ૬. | સરકારશ્રીના વખતો વખતના નિયમો ભાવ ભરનાર પાર્ટીને બંધન કર્તા રહેશે તથા જી.એસ.ટી., ઈન્કમટેક્ષ તેમજ અન્ય ટેક્ષ અધિનિયમ હેઠળ બીલમાંથી નિયમ અનુસાર કપાત કરવામાં આવશે. પાર્ટીએ ભરેલ ભાવો માટે દરેક પેઈઝનો કયુમીલેટીવ ટોટલ મારવાનો રહેશે. |
| ૭. | સરકારશ્રીના વખતો વખતના નિયમો અનુસાર જી.એસ.ટી. તથા અન્ય ટેક્ષ ઠેકેદારશ્રીએ ભરવાના રહેશે, જેનું વળતર કૃષિ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે નહી. |
| ૮. | કામગીરી/કાર્યક્રમ દરમ્યાન કોઈ આકસ્મિક દુર્ઘટનાથી કાર્યકર્તા, મજુર કે અન્ય ઈસમોને કોઈપણ જાતની ઈજા, અકુદરતી મૃત્યુ વિગેરે બાબત માટે જરૂરી ઈન્સ્યોરન્સ લેવાની તથા વળતર ચુકવવાની જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૯. | ઈજારદારે પાનકાર્ડની પ્રમાણિત નકલ જોડવાની રહેશે. |
| ૧૦. | જી.એસ.ટી.ના રજીસ્ટ્રેશનના પ્રમાણપત્રની ખરી નકલ જોડવાની રહેશે. |
| ૧૧. | ધંધાના રજીસ્ટ્રેશનના પ્રમાણપત્રની ખરી નકલ જોડવાની રહેશે. (નગરપાલીકા રજીસ્ટ્રેશન અથવા MSME રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર) |

| | |
|---|---|
| ૧૨. | ટેન્ડર ફી પેટે રૂા.૫૦૦/–નો ડી.ડી. જે.એ.યુ. ફંડ એકાઉન્ટ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના નામનો આપવાનો રહેશે અન્યથા ટેન્ડર ગણત્રીમાં લેવામાં આવશે નહી. |
| ૧૩. | બાનાની રકમ રૂા.૫૦૦૦/– જે.એ.યુ. ફંડ એકાઉન્ટ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના નામની એફ.ડી.આર. કોઈપણ અધિકૃત બેંકની જોડવાની રહેશે. બાનાની રકમ વગર ભરેલ ભાવપત્રકો માન્ય ગણાશે નહીં. |
| ૧૪. | સમિયાણા, મંડપના ડેકોરેશન, સાઉન્ડ સિસ્ટમ તથા ઈલેકટ્રીફીકેશન, સાઉન્ડ સિસ્ટમ સહિતની ઉપયોગી તમામ સાધન સામગ્રી સારી આઈ.એસ.આઈ. ગુણવત્તાવાળી તથા મજબુતાઈવાળી વાપરવાની રહેશે તેમજ કામગીરી ટકાઉ, મજબુત અને સારી ગુણવત્તાવાળી કરવાની રહેશે. સમિયાણામાં વપરાશમાં લેવાનું થતું કાપડ કે અન્ય માલ–સામાન નુકશાની વગરનું સારા રંગનું અને ટકાઉ અને નવું કાપડ વાપરવાનું રહેશે. |
| ૧૫. | માલ–સામાન સ્થળ પર લઈ જવા લઈ આવવા વાહન ભાડા સાથેના ભાવ આપવાના રહેશે. |
| ૧૬. | કામગીરીમાં કોઈપણ સામાન્ય વ્યાજબી ફેરફાર કે સાધન સામગ્રી આપવાની થાય તો તે વિના મુલ્યે કરી આપવાની રહેશે. |
| ૧૭. | ટેન્ડર રજીસ્ટર પોસ્ટ એ.ડી. સ્પીડ પોસ્ટથી જ મોકલવાના રહેશે. |
| ૧૮. | કામગીરીમાં કોઈપણ જાતનો વાદ–વિવાદ થયે કમિટીનો નિર્ણય આખરી અને પાર્ટીને બંધનકર્તા રહેશે. |
| ૧૯. | કોઈપણ કારણો આપ્યા સિવાય એક અથવા બધા જ ભાવ પત્રકો મંજુર/ ના–મંજુર કરવાની સત્તા આ માટે નિયુકત કરેલ કમિટીને અબાધિત રહેશે. |
| ૨૦. | મંડપની કામગીરી માટેના મંજુર થયેલ એજન્સીએ ડીપોઝીટ પેટે રૂા.૨૫,૦૦૦/– ની એફ.ડી.આર. જે.એ.યુ. ફંડ એકાઉન્ટ ના નામની આ કચેરીમાં ડીપોઝીટ જમા કરવાની રહેશે અને આ ડીપોઝીટ કામગીરી પૂર્ણ થયાના એક માસ બાદ પરત કરવામાં આવશે. |

ઉપરોકત શરતો અને બોલીઓ તેમજ ટેન્ડર સમગ્ર વિગતો મે/અમોએ બરાબર વાંચી અને સમજી છે અને અમોને માન્ય છે, તેની સંમતિ દર્શાવતી સહી કરેલ છે.

ઈજારદારની સહી સિકકા સાથે
તા.    .    .૨૦૨૪